# કોન્ટ્રાકટરોની નોંધણી માટેના નિયમો

## પ્રકરણ-૧

## સામાન્ય નિયમો

**૧. ટેન્ડર રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરોને જ આપવામાં આવશે:-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં માન્ય કોન્ટ્રાકટર તરીકે નોંધણી કરવા / કક્ષા ઉંચી કરવી / નોંધણી તાજી કરવવા માટે કોન્ટ્રાકટરોએ ફોર્મ નં.૧ મુજબ અરજી પત્રકમાં અરજી કરવાની રહેશે અને આવી નોંધણી કરાયેલ કોન્ટ્રાકટરો સિવાયના કોઇપણ વ્યકિતઓ, સીન્ડીકેટ પેઢી કે કંપની પાસેથી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી કે તેમને કોઇ કોન્ટ્રાકટ આપવામાં આવશે નહી. અપવાદ માટે જુઓ નિયમ-૪ હેઠળની નોંધ-૫

**૨ . કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશનની મુદત :-**

જે તે વર્ગમાં કરવામાં આવેલ રજીસ્ટ્રીશન / રીન્યુઅલ / અપગ્રેડેશન ૩ (ત્રણ)વર્ષ માટે માન્ય રહેશે.

**૩.રજીસ્ટ્રેશનને મંજુરી આપવા સક્ષમ સત્તાધિકારી તથા આર્થિક સધ્ધરતા અને રજીસ્ટ્રેશન ફીના ધોરણ:-**

૩.૧ જે તે વર્ગમાં નવી નોંધણી કરવા કે અપગ્રેડ કરવાના નિર્ણય લેવા અંગે સક્ષમ સત્તાઅધિકારીશ્રીની વિગતો નીચે કોષ્ટક-૦૧ પ્રમાણે રહેશે.

કોષ્ટક-૦૧

| ક્રમાંક | નોંધણીનો વર્ગ | ન્યુનત્તમ સધ્ધરતા (સોલવન્સી) | કામો માટે ટેન્ડર રજૂ કરવા માટેની નાણાંકીય મર્યાદા | નોંધણી મંજુર કરનાર યોગ્ય સત્તા | નોંધણી માટેની કે કક્ષા ઉંચી લાવવા માટેની ફી |
|---|---|---|---|---|---|
| ૧ | એએ | રૂ.૩૦૦ લાખ | અમર્યાદિત | મ્યુનિસિપલ કમિશનર | રૂ.૩૩,૦૦૦/- |
| ૨ | એ | રૂ.૭૫ લાખ | રૂ.૭૦૦ લાખ સુધી | મ્યુનિસિપલ કમિશનર | રૂ.૧૮,૦૦૦/- |
| ૩ | બી | રૂ.૩૫ લાખ | રૂ.૩૦૦ લાખ સુધી | મ્યુનિસિપલ કમિશનર | રૂ.૧૩,૦૦૦/- |
| ૪ | સી | રૂ.૨૫ લાખ | રૂ.૧૫૦ લાખ સુધી | ડે.મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેકટ)/ઓ.એસ.ડી. | રૂ.૭,૫૦૦/- |
| ૫ | ડી | રૂ.૧૨ લાખ | રૂ.૧૦૦ લાખ સુધી | ડે.મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેકટ)/ઓ.એસ.ડી. | રૂ.૭,૫૦૦/- |
| ૬ | ઇ૧ | રૂ.૨ લાખ | રૂ.૫૦ લાખ સુધી | સીટી એન્જિનીયર | રૂ.૪,૫૦૦/- |
| ૭ | ઇ૨ | રૂ.૧ લાખ | રૂ.૧૫ લાખ સુધી | સીટી એન્જિનીયર | રૂ.૪,૫૦૦/- |

## ૪. વર્ગીકૃત કરવા અંગેના ધોરણો:-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કામ હાથ ધરવા સંબંધમાં કોન્ટ્રાકટરોની નાણાંકીય સ્થિતિ અને ટેકનીકલ ક્ષમતા પ્રમાણે કોન્ટ્રાકટરોને વર્ગીકૃત કરવામાં આવશે.

જે તે વર્ગમાં વર્ગીકરણ સારૂ જરૂરી સધ્ધરતા, નોંધણી ફી તથા નોંધણી મંજુર કરવાની સત્તા ધરાવતા અધિકારી કે સત્તામંડળ વિગેરે વિગતો કોષ્ટક- ૦૧ પ્રમાણે છે.

### ૪.૧ વાર્ષિક ટર્નઓવર, છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામો અને હાથ પરના કામોનાં જરૂરીયાતના ધોરણો:-

ખાસ કરીને હાથ પરના કામોની કિંમત, છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામો તેમજ ત્રિવાર્ષિક સરેરાશ ટર્નઓવર લક્ષમાં લઇને નોંધણી અંગે સક્ષમ સત્તા વિચારણા કરશે જે સંબંધમાં નાણાંકીય મર્યાદા નીચેના કોષ્ટક નં-૨ મુજબ રહેશે.

કોષ્ટક-૦૨

| ક્રમાંક | નોંધણીનો વર્ગ | છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામોની સ્થિતી | જરૂરી હાથ પરના કામોની કિંમત | જરૂરી વાર્ષિક ટર્નઓવર (ગત ત્રણ વર્ષની સરેરાશ) |
|---|---|---|---|---|
| ૧ | એએ | રૂ. ૧૫૦૦ લાખ | રૂ. ૧૦૦૦ લાખ | રૂ. ૫૦૦ લાખ |
| ૨ | એ | રૂ. ૯૦૦ લાખ | રૂ. ૬૦૦ લાખ | રૂ. ૩૦૦ લાખ |
| ૩ | બી | રૂ. ૩૦૦ લાખ | રૂ. ૨૦૦ લાખ | રૂ. ૧૦૦ લાખ |
| ૪ | સી | રૂ. ૯૦ લાખ | રૂ. ૬૦ લાખ | રૂ. ૩૦ લાખ |
| ૫ | ડી | રૂ. ૪૫ લાખ | રૂ. ૩૦ લાખ | રૂ. ૧૫ લાખ |
| ૬ | ઇ ૧ | રૂ. ૧૫ લાખ | રૂ. ૧૦ લાખ | રૂ. ૫ લાખ |
| ૭ | ઇ ૨ | -- | -- | -- |

### ૪.૨ સરકારી / અર્ધ સરકારી અને ખાનગી કામોનું મૂલ્યાંકન:-

નવી નોંધણીના / નોંધણી તાજી કરવાની કે કક્ષા ઉચી લાવવાના કેસમાં અરજી કરનારે મુખ્ય કોન્ટ્રોકટર તરીકે કરેલ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરકારી, કે અર્ધસરકારી નિગમ બોર્ડના છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામોનો અનુભવ ધ્યાને લેવામાં આવશે. કરેલ ખાનગી કામોની કિંમતના ૫૦ ટકા કિંમત ધ્યાને લેવામાં આવશે કે જે વિગતના સમર્થનમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું કામની કિંમત અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૪.૩ પેટા  કોન્ટ્રાકટર તરીકે કરેલ કામોનું મૂલ્યાંકન:-

પેટા કોન્ટ્રાકટર હેઠળ કરાવેલ / કરેલ કામો માટે મુખ્ય કોન્ટ્રાકટરે પેટા કોન્ટ્રાકટ આપી કરાવેલ કામ તેના અનુભવ તરીકે ગણાશે નહી. પેટા કોન્ટ્રાકટથી કરેલ કામ માટે જો કોન્ટ્રાકટ આપનાર સક્ષમ અધિકારીની મંજુરી લઇ પેટા કોન્ટ્રાકટ અપાયો હોય તો તેવા કિસ્સામાં પેટા કોન્ટ્રાકટરો માટે તેણે કરેલ કામની કિંમતના ૫૦ ટકા કિંમત ધ્યાને લેવામાં આવશે. આના સમર્થનમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું કામની કિંમત અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૪.૪ ડિફોલ્ટરોને રજીસ્ટ્રેશન / રીન્યુઅલ ન આપવા બાબત:-

અરજીપત્રકમાં જણાવેલ બધીજ બાબતોની માહિતી કોન્ટ્રાકટરે જણાવવાની રહેશે અને તે માહિતીના આધારે જ રજીસ્ટ્રેશન કે રીન્યુઅલ કરી આપવામાં આવશે. જે કિસ્સામાં કોન્ટ્રાકટરે મ્યુનિસિપલ કોર્પોરેશનના કામ અધુરા મુકેલ હોય અથવા કોન્ટ્રાકટરો પાસેથી મ્યુનિસિપલ કોર્પોરેશનનું લ્હેણું નીકળતું હોય તેવા કિસ્સામાં રજીસ્ટ્રેશન કે રીન્યુઅલ કરી આપવામાં આવશે નહી.

૪.૫ માન્ય ન હોય તેવા કોન્ટ્રાકટરને ટેન્ડરો વેચાણ ન આપવા બાબત:-

જે કોઇ પણ શખ્સ, સીન્ડીકેટ અથવા પેઢી એપ્રુવ્ઠ અથવા કોન્ટ્રાકટરના રજીસ્ટર પર ન હોય તેમની પાસેથી કમિશનરના હુકમ સિવાય તેમના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી તેમજ તેમને કોન્ટ્રાકટ આપવામાં આવશે નહી.

૪.૬ અન-રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ટેન્ડરો માગવાનો અપવાદ:-

પરંતુ જો ટેન્ડર મંગાવ્યા બાદ કોઇપણ રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાકટર્સ ટેન્ડર ભરે નહી અને કામ ખાતા મારફતે સુગમતાપૂર્વક થઇ શકે તેમ ન હોય તો સીટી ઇજનેરને આવા ટેન્ડરો કોઇપણ જાતના અવરોધ સિવાય દરેકને માટે ખુલ્લા મુકી ફરીથી ટેન્ડર મંગાવી, કામ કરેલ હોય પણ રજીસ્ટર્ડ થયેલ ન હોય તેવા અગર તો નીચલા વર્ગમાં રજીસ્ટર્ડ થયેલા કોન્ટ્રાકટર્સને આપવાની છુટ રહેશે. આવા દરેક કેસ અંગે મ્યુનિસિપલ કમિશનરને તાત્કાલિક જાણ કરવી પડશે.

૫. નાણાંકીય ક્ષમતાના ધોરણો:-

નીચેના અંગેની યોગ્યતા તપાસ કર્યા સિવાય કોન્ટ્રાકટરનું નામ નોંધવામાં આવશે નહી. તેની કક્ષા ઉચી લાવવામાં આવશે નહી. તેની નામ નોંધણી તાજી કરી આપવામાં આવશે નહી.

૫.૧ નાણાંકીય ક્ષમતા:-

કોન્ટ્રાકટરે જે-તે વર્ગમાં કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ મેળવવા અગાઉ દર્શાવેલ કોષ્ટક-૧ મુજબની આર્થિક ક્ષમતા/સધ્ધરતા પુરવાર કરવાની રહેશે.

૫.૧.૧ બેન્કરોનું સોલવન્સી સર્ટીફીકેટ સ્વીકાર્ય:-

રાષ્ટ્રીયકૃત બેંક, અનુસુચિત વાણિજય બેંક અથવા કોષ્ટક-૦૩ માં દર્શાવેલ વર્ગની માન્ય સહકારી બેંક માંથી કોષ્ટક-૦૧ પ્રમાણે જે તે વર્ગ માટે જરૂરી રકમનું સોલવન્સી સર્ટીફીકેટ મેળવી રજુ કરવાનું રહેશે.

૫.૧.૨ સોલવન્સી સર્ટીફીકેટનો વેલીડીટી સમય:-

સોલવન્સી પ્રમાણપત્રને કાઢી આપ્યાની તારીખ બાદ ૧૨ (બાર) મહિના કરતાં વધુ સમય પછી નોંધણીના હેતુ માટે તે ગણતરીમાં લેવામાં આવશે નહી. એકવાર સ્વીકારેલ સોલવન્સી પ્રમાણપત્ર કોન્ટ્રાકટરે પોતાની નાણાંકીય ક્ષમતા ચાલુ રહી હોવાના સમર્થન રૂપે દર વર્ષે ડિસેમ્બરના અંત સુધીમાં તાજુ કરાવવું. આમ છતાં સબંધિત કેલેન્ડર વર્ષનું સોલવન્સી પ્રમાણપત્ર દરેક ટેન્ડર સાથે રજુ કરવું.

૫.૧.૩ ભાગીદારોના વ્યક્તિગત નામના સોલવન્સી સર્ટીફીકેટ:-

એક, એક કે તેથી વધુ ભાગીદારોના નામે જરૂરી રકમનું સોલવન્સી પ્રમાણપત્ર સુલભ હોય અને ભાગીદારી ખતમાં એવું સ્પષ્ટ કરવામાં આવ્યું હોય કે પેઢીના વેપાર ઉપરાંતની બધી જ જવાબદારીઓને પહોંચી વળવા માટે બધાજ ભાગીદારો સંયુકતપણે અને વ્યક્તિગત રીતે જવાબદાર છે. તો વ્યક્તિગત ભાગીદારોના નામના સોલવન્સી પ્રમાણપત્ર રજુ કર્યે પેઢીના નામના સોલવન્સી પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવશે નહી.

૫.૧.૪ એક સોલવન્સી પ્રમાણપત્રનો એક થી વધુ જગ્યાએ ઉપયોગ અસ્વીકાર્ય:-

કોઇ પેઢીને રજીસ્ટર્ડ કોન્ટ્રાટ તરીકે માન્યતા આપવા માટે અગાઉ વિચારણામાં લીધેલ નોંધણી માટે જરૂરી હોય એવું સોલવન્સી પ્રમાણપત્ર, ઓજારો અને પ્લાન્ટની એની એ જ યાદી, કરેલા કામોની એની એ જ યાદી કે કોઇ એનો એ જ દસ્તાવેજ ફરી રજૂ કરી શકાશે નહી. એટલે કે એક વખત નોંધાયેલ પેઢીના એક કે વધુ ભાગીદારો સાથેની અન્ય કોઇ પેઢીની નોંધણીની બાબત વિચારણા માટે રજુ થાય ત્યારે એની એ જ વિગતો બીજીવાર રજુ કરવી નહી.

૫.૧.૫ સહકારી બેન્કો સોલવન્સી પ્રમાણપત્રો:-

માન્ય કોન્ટ્રાકટર તરીકે નોંધણી કરવા કે કક્ષા ઉંચી  લાવવા અને નોંધણી તાજી કરાવવા માટે રાષ્ટ્રીયકૃત બેંક, અનુસુચીત વાણિજય બેન્કનું સોલવન્સી પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે. વધુમાં નીચેના કોષ્ટક-૩માં વર્ગીકરણ કર્યા પ્રમાણે અને કોલમ-૬ હેઠળ દર્શાવેલ આર્થિક અને નાણાંકીય મર્યાદાની રકમ સુધી સહકારી બેન્કનું સોલવન્સી પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે.

કોષ્ટક-૦૩

| ક્રમ નં | સહકારી બેન્કનો વર્ગ પ્રકાર | ઓડિટવર્ગ | બેન્ક ચાલુ રહેવા માટેનો સમયગાળો | કાર્યવાહી મૂડી(રૂ.) | સોલવન્સી રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | રાજય સહકારી બેંક | અમર્યાદિત | અમર્યાદિત | અમર્યાદિત | અમર્યાદિત |
| ૨ | જિલ્લા સહકારી બેંક | એ.બી.અને.સી | અમર્યાદિત | અમર્યાદિત | ૧૦ લાખ સુધી |
| ૩ | ગુજરાત ઔદ્યોગિક બેંક | એ.અને.બી | ૫ વર્ષ કરતાં વધુ | ૫ કરોડ કરતા વધુ | ૩૦ લાખ સુધી |
| ૪ | નાગરીક સહકારી બેંક | એ.અને.બી | ૫ વર્ષ કરતાં વધુ | ૫ કરોડ કરતા વધુ | ૧૦ લાખ સુધી |
| ૫ | નાગરીક સહકારી બેંક | એ.અને.બી | ૫ વર્ષ કરતાં વધુ | ૩ કરોડ થી ૫ કરોડ | ૦૬ લાખ સુધી |
| ૬ | નાગરીક સહકારી બેંક | એ.અને.બી | ૫ વર્ષ કરતાં વધુ | ૧ કરોડ થી ૩ કરોડ | ૦૪ લાખ સુધી |
| ૭ | નાગરીક સહકારી બેંક | એ.અને.બી | ૩ વર્ષથી ૫ વર્ષ સુધી | ૧ કરોડ થી ૩ કરોડ | ૦૨ લાખ સુધી |
| ૮ | નાગરીક સહકારી બેંક | એ.અને.બી | ૩ વર્ષથી ૫ વર્ષ સુધી | ૫૦ લાખ થી ૧ કરોડ | ૫૦ હજાર સુધી |

જિલ્લા સહકારી બેંકે સોલવન્સી પ્રમાણપત્ર આપતી વખતે ઓડિટવર્ગ સ્પષ્ટ રીતે દર્શાવવો, જ્યારે નાગરિક શહેરી સહકારી બેંક, બેંકે ચાલુ રહેવા માટેનો સમયગાળો, કાર્યકારી મૂડી રકમ તેમજ ઓડિટ વર્ગ સ્પષ્ટ રીતે લખવા. સોલવન્સી પ્રમાણપત્રમાં આ મતલબની વિગતો જણાવવામાં આવી ન હોય તો આવું પ્રમાણપત્ર સ્વીકાર્ય ગણાશે નહી.

### ૫.૨ વ્યવસાયિક ક્ષમતા અને વિશ્વસનીયતા:-

અરજદાર અને તેનાં કામ અંગે અંગત જાણકારી ધરાવતા અધિકૃત અધિકારીશ્રીઓના પ્રમાણપત્રો કે જેમાં કામનો પ્રકાર, બાંધકામનું વર્ષ તથા ખરેખર ખર્ચ દર્શાવ્યા હોય તેવી યાદી ધ્વારા વ્યવસાયિક ક્ષમતા અને વિશ્વસનીયતા પ્રતિપાદિત થતી હોવી જોઇએ. પેઢીના તમામ ભાગીદારો અને અગ્રણી ટેકનિકલ કર્મચારીઓની તાંત્રિક લાયકાતો અને અનુભવની રેકર્ડ આધારીત વિગતો રજુ કરવી જોઇએ.

### ૫.૨.૧ ફકત ભાગીદાર અને નહી કે કર્મચારી તરીકેનો અનુભવ ગણવાપાત્ર:-

કોન્ટ્રાકટરની કક્ષા નક્કી કરતી વખતે સબંધિત ભાગીદારે તેના નાણાંકીય હિસ્સા અને બીજા હિતસબંધ રૂએ આવા કામો કર્યા હોય ત્યારે વ્યક્તિગત ભાગીદારોએ ભૂતકાળમાં કરેલ કામોમાંથી મેળવેલ અનુભવ ધ્યાનમાં લેવો. કેવળ કર્મચારી તરીકે મેળવેલ અનુભવ સમગ્ર પેઢીની ક્ષમતાના પુરાવા તરીકે ગણવામાં આવશે નહિ.

### ૫.૨.૨. સહયોગી પેઢીઓના ભાગીદારોના અલગ રજીસ્ટ્રેશન બાબત:-

સહયોગી પેઢીઓ કે જેમાં અમુક ભાગીદારો સમાન (કોમન) હોય તેવી પેઢીઓની નોંધણી માટેની અરજીઓ અંગે નીચે મુજબ કાર્યવાહી અપનાવવામાં આવશે.

૫.૨.૨.૧ પ્રવર્તમાન અને નોંધાયેલ ભાગીદારી પેઢીના ભાગીદારો કે ભાગીદાર તે પેઢીના નોંધાયેલ સમકક્ષ વર્ગમાં અલગ નોંધણી કરાવવા ઇચ્છતા હોય તો તેમની વિદ્યમાન ભાગીદારી પેઢી ત્રણ થી વધુ વર્ષ થયે અસ્તિત્વમાં હોવી જોઇએ અને તે પેઢીમાં અરજદાર ભાગીદાર-ભાગીદારો ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સંકળાયેલા હોવા જોઇએ.

૫.૨.૨.૨. નવી નોંધણી ઇચ્છતી પેઢી માંહેના ભાગીદારોનું હયાત પેઢીમાં ઓછામાં ઓછું ૨૫ ટકા મૂડી રોકાણ અને ભાગ હોવો જોઇએ.

૫.૨.૨.૩ નવી નોંધણી ઇચ્છતી પેઢીના ૨૫ ટકા ભાગવાળા ભાગીદારો હયાત પેઢીના સક્રીય ભાગીદારો હોવા જોઇએ.

૫.૨.૨.૪ જો નવી નોંધણી ઇચ્છતી પેઢી ઉપર જણાવ્યા મુજબની સઘળી શરતો પરીપૂર્ણ કરતી ન હોય તો તેવા કિસ્સામાં હયાત નોંધાયેલ પેઢીના વર્ગ કરતા એક કક્ષા નીચેના વર્ગમાં નોંધણી માટે વિચારણામાં લેવામાં આવશે.

<u>૫.૨.૩ પુરા કરેલ કામોની માહિતી ફોર્મ-૩ અને ૩-એ માં રજૂ કરવા બાબત:-</u>

નોંધણી કરવા / કક્ષા ઉંચી લાવવા / નોંધણી તાજી કરવા માટેની અરજીની વિચારણા કરતી વખતે કામ સંતોષકારક રીતે પુરા કર્યા હોવા અંગે તેમજ ચાલુ કામો કે કોન્ટ્રાકટર ધ્વારા જે માટે ટેન્ડર ભરવામાં આવ્યા હોય તેવા કામોની કોર્પોરેશન તપાસ કરી શકશે. આવા કામોની માહિતી ફોર્મ-૩ મુજબના પત્રકમાં આપવાની રહેશે. આ ઉપરાંત અરજી ફોર્મ અને અન્ય દસ્તાવેજો સાથે છેલ્લા ૩ વર્ષમાં કરેલ કે ચાલુ હોય તેવા તમામ કામ અંગેની માહિતી ફોર્મ-૩-એમાં પુરી પાડવાની રહેશે.

<u>૫.૩ સારાપૂર્વવૃતાંત (રેકર્ડ) અને અગાઉની કામગીરી:-</u>

માત્ર એવા જ કોન્ટ્રાકટરની નોંધણી માટેની વિનંતી ધ્યાનમાં લેવાશે કે જેમનું પૂર્વવૃતાંત (રેકર્ડ) સારૂ હોય અને અગાઉની કામગીરી સંતોષકારક હોય. આ માટે નોંધણીની અરજી માટે નિયત કરેલ ફોર્મ-૧ના મુદ્દા નં.૧૫ અને ૧૯ માં આપેલ માહિતીની કાળજી પૂર્વક ચકાસણી કરવાની રહેશે. જેથી એવું સુનિશ્ચિત કરી શકાય કે અરજદારે અથવા તેના ભાગીદારોએ અથવા શેર હોલ્ડરોએ આસન ૮.૧ મુજબ સંતોષકારક રીતે કામ કર્યા છે. અથવા તો કોર્પોરેશન કે ગુજરાત કે મહારાષ્ટ્ર રાજયોના કોઇપણ સરકારી ખાતા કે અર્ધસરકારી બોર્ડ નિગમ દ્વારા કાળી યાદીમાં મુકાયા નથી કે કોઇ રીતે શિક્ષા પામ્યા નથી.

<u>૫.૪ ટેકનીકલ લાયકાતો/મહેકમ:-</u>

<u>૫.૪.૧ કઇ કક્ષાના કેટલા તાંત્રિક ઇજનેર અલગ અલગ નોંધણી વર્ગ માટે જોઇએ તેના ધોરણો:</u>-

વર્ગ " એએ, એ, બી, સી, ડી, ઇ-૧, ઇ-૨ માં નોંધણી કરાવવા / કક્ષા ઉંચી લાવવા ઇચ્છતા કોન્ટ્રાકટરના ત્યા ભાગીદારો તરીકે કે તેમના મહેકમ પર પુરા સમયના કર્મચારીઓ તરીકે નીચે પ્રમાણે લાયકાત ધરાવતા ઇજનેરો હોવા જોઇએ.

કોષ્ટક – ૦૪

| નોંધણી વર્ગ (બાંધકામ કોન્ટ્રેકટ) | તાંત્રિક લાયકાત ધરાવતા ઇજનેરોના પ્રકાર અને સંખ્યા |
|---|---|
| એએ | ઓછામાં ઓછા ૩ સ્નાતક  સીવીલ એન્જીનિયર અને ૫ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર ઓછામાં ઓછા ૩  સ્નાતક  સીવીલ એન્જીનિયર પૈકી ૧ સીવીલ એન્જીનિયર બાંધકામ ક્ષેત્રમાં સલામતી બાબતે ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. |
| એ | ઓછામાં ઓછા ૨ સ્નાતક  સીવીલ એન્જીનિયર અને ૫ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| બી | ઓછામાં ઓછા ૨ સ્નાતક  સીવીલ એન્જીનિયર અને ૩ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| સી | ઓછામાં ઓછા ૧ સ્નાતક  સીવીલ એન્જીનિયર અને ૩ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ડી | ઓછામાં ઓછા ૨ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ઇ૧ | ઓછામાં ઓછા ૧ સ્નાતક  સીવીલ એન્જીનિયર અથવા ૧ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ઇ૨ | ઓછામાં ઓછા ૧ સ્નાતક  સીવીલ એન્જીનિયર અથવા ૧ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |

૫.૪.૨ ભાગીદારો તાંત્રિક લાયકાત ધરાવતા હોય તે તાંત્રિક ઇજનેરની જરૂરીયાત સામે ગણાશે.

નોંધણી  કરાવવા માંગતા પેઢીના ભાગીદાર / ભાગીદારો જરૂરી તાંત્રિક લાયકાત ધરાવતા હોય તો તેઓને કોષ્ટક-૦૪ માં જણાવેલ જે તે વર્ગ પ્રમાણેની જરૂરીયાતની સામે ગણતરીમાં લેવામાં આવશે.

૫.૪.૩ તાંત્રિક ઇજનેરોની સંબંધિત રજૂ કરવાની વિગતો:-

ઉપર ૫.૪.૧ દર્શાવ્યા પ્રમાણેની જરૂરીયાત પેઢીના ભાગીદાર / ભાગીદારોના પોતાના દ્વારા સંતોષાતી ન હોય તો નવેસરથી નોંધણી કરવા / નોંધણી તાજી કરવા કક્ષા ઉંચી લાવવા માટેની અરજીની સાથે પેઢીમાં પૂર્ણ સમય માટે નોકરીએ રાખેલ ઇજનેરોના નીચે દર્શાવેલ પુરાવાઓ અવશ્ય જોડવા

(૧) કોન્ટ્રાકટરે / કંપનીએ આપેલ નિમણુંક હુકમની નકલ.

(૨) ડીગ્રી/ડિપ્લોમાં પ્રમાણપત્રની ખરી નકલ.

(3) ઇજનેરના પાનકાર્ડની નકલ

૫.૫. ઇન્કમટેક્ષ કલીયરન્સ પ્રમાણપત્ર:-

નોંધણી કરવા/ઉંચી કક્ષા લાવવા/નોંધણી તાજી કરવા માટેની અરજી સાથે જે વર્ષમાં અરજી મોકલી હોય તે વર્ષની પહેલાના વર્ષ માટેનું ઇન્કમટેક્ષ અધિકારીએ સ્ટાન્ડર્ડ (ઇસ્યુ કરેલ) ફોર્મમાં આવકવેરા ચુકતે પ્રમાણપત્ર/ઇન્કમટેક્ષ રીટર્નની પ્રમાણિત નકલ અરજી સાથે જોડવાની રહેશે.

૫.૬ નોંધણી માટેની સંપૂર્ણ ફી અરજી જોડે સ્વીકારવાની જાણ થયે ભરવા બાબત:-

નોંધણી કરવા માટેની અરજી કરવા કોન્ટ્રાકટર પોતે જે વર્ગમાં પોતાની નોંધણી કરાવવા ઇચ્છતા હોય તે વર્ગ માટેના તેના નમુના-૧ મુજબના અરજી ફોર્મ સાથે નોંધણી કરવા માટેની ફીના ૫૦ ટકા રકમ ભરવાની રહેશે. જે અરજીની ફી ગણાશે અને તે બિન રીફંડ પાત્ર ગણાશે. જો તેની અરજી સ્વીકારવામાં આવે તો તેણે નોંધણી કરવા માટેની ફીની બાકીની ૫૦ ટકા રકમ દિન-૧૫ માં ભરવાની રહેશે જેમાં નિષ્ફળ ગયે અરજી દફતરે કરી શકાશે.અને સંપૂર્ણ ફી ભરાયા બાદ કોર્પોરેશન ધ્વારા આ સાથે જોડેલ ફોર્મ-૪ માં નોંધણી કરવા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે.

૫.૭ માંગણી કરતાં નીચેના વર્ગમાં માન્યતા આપવા વિચારી શકાશે.

અરજી ચકાસણી કરતા જો કોઇ કોન્ટ્રાકટર તેણે જે વર્ગમાં નોંધણી કરવા / કક્ષા ઉંચી લાવવા માટે અરજી કરી હોય તે વર્ગ માટે યોગ્ય લાયકાતો ધરાવતો ન જણાય તો કોર્પોરેશન/અધિકારી નીચલા વર્ગમાં નોંધણી કરવા / કક્ષા ઉંચી લાવવા માટે તેની અરજીની વિચારણા કરી શકશે. આવા કેસમાં અલગ અરજી કરવાનું કે અરજી ફી ભરવાનું જરૂરી બનશે નહી.

૫.૮ ટેન્ડરો ભર્યાની વિગતો વર્ષાન્તે ફોર્મ-૩ માં રજૂ કરવા બાબત:-

કોન્ટ્રાકટર છેલ્લા ત્રણ વર્ષની મુદત માટે કોઇ કામ અંગે ટેન્ડર ભર્યા છે કે કેમ તેની ચકાસણી કરવામાં સરળતા રહે તે માટે કોન્ટ્રાકટર માટે નિયત ફોર્મ-૩ માં દર વર્ષના માર્ચના અંતે વાર્ષિક નિયત પત્રકો કોર્પોરેશનને મોકલવાના રહેશે.

૬.ખાનગી અહેવાલ :-

૬.૧ કક્ષા બી સુધી જ ખાનગી અહેવાલ જરૂરી

કોર્પોરેશનમાં કામ કરતા કક્ષા બી સુધી નોંધાયેલ કોન્ટ્રાકટરોની કામગીરી ધોરણ બાબત વાર્ષિક ખાનગી અહેવાલો રાખવામાં આવશે.

૬.૨ ખાનગી અહેવાલનું ફોર્મ-૫:-

દરેક શાખાના કામોની દેખરેખ રાખતા ઇજનેર ફોર્મ-૫ ના નમુનામાં ખાનગી અહેવાલ લખી સીટી ઇજનેર મારફત કમિશનરશ્રીને રજુ કરશે.

૬.૩ ખાનગી અહેવાલમાં ઉલ્લેખનીય બાબતો અંગે:-

જો કોન્ટ્રાકટરોની કામગીરી હંમેશા માટે ખરાબ હોય અથવા અડચણરૂપ હોય તેમજ જેઓ કામની ગુણવત્તા તથા પ્રગતિ બાબત હવાલાના ઇજનેરની સુચનાની પરિપૂર્તિ કરતા ન હોય કે તેમ કરવામાં શિથિલતા દાખવતા હોય કે જેઓએ કામ અધુરા છોડયા હોય તેવા કોન્ટ્રાકટરની કામગીરીમાં થયેલ ચૂકનો આવા ખાનગી અહેવાલમાં આવશ્યક ઉલ્લેખ કરવાનો રહેશે.

## <u>૭. માન્ય કોન્ટ્રાકટરોનું રજીસ્ટર ફોર્મ-૨ માં રાખવા બાબત:-</u>

માન્ય કોન્ટ્રાકટરોનું રજીસ્ટર ફોર્મ-૨ મુજબ કોર્પોરેશન ઓફિસમાં સીટી એન્જિનીયર હેઠળના ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ ધ્વારા રાખવામાં આવશે. જેમાં કોર્પોરેશના ધ્વારા જુદા જુદા વર્ગમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો નામ અને સરનામાની વિગત રેકર્ડ કરવામાં આવશે. નોંધણી અથવા તેમની રૂખસદ કે એમનો પાયરી ઉતાર વગેરેની નોંધ પણ રજીસ્ટરમાં કરવામાં આવશે.

## <u>૮.અરજી ફોર્મ-૧ પૂર્ણ કરેલા કામોની વિગત ફોર્મ-૩ તથા ૩-એ અને ટુલ્સ એન્ડ પ્લાન્ટની વિગત ફોર્મ-૩-બી માં રજુ કરવા અંગે.:-</u>

દરેક કોન્ટ્રાકટર પોતાનું નામ રજીસ્ટર કોન્ટ્રાકટર તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધાવવા માટેનું અરજી ફોર્મ નમુના-૧ માં ભરી સીટી એન્જિનીયરને રજૂ કરવાનું રહેશે. ફોર્મ-૧ ના કોલમ ૨,૩,૪,૮(૧)(૨)(૩) અને (૪), ૧૪ અને ૧૬ ની વિગત ભરી તેના સમર્થનમાં ટાંકેલ દસ્તાવેજોની નકલ અને ફોર્મ-૩, ૩-(એ), ૩(બી) અને ૩(સી) ફોર્મ-૧ જોડે રજૂ કરવાના રહેશે. આ અરજી જો માન્ય થશે તો નિયમ-૭ માં ઉલ્લેખ રજીસ્ટરમાં તેની નોંધ કરી ફોર્મ-૪ ના નમૂનામાં “કોન્ટ્રાકટરની નોંધણીનું પ્રમાણપત્ર” સીટી એન્જિનીયરશ્રીની કચેરી મારફતે આપવામાં આવશે.

## <u>૯. સરનામામાં ફેરફારોની જાણ કરવા બાબત:-</u>

ભાગીદારોને અગ્રણી ટેકનીકલ કર્મચારીઓમાં તથા સરનામામાં થયેલ ફેરફાર અંગે કોન્ટ્રાકટરે કોર્પોરેશનને તાત્કાલીક જાણ કરવાની રહેશે.

# પ્રકરણ-૨

<u>કોન્ટ્રાકટર નોંધણી મેળવવાની કાર્ય પધ્ધતિ:-</u>

નોંધણી માટેની અરજીઓ વિચારણા કરવા માટેની નીચેની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.

૧૦.૧ નોંધણી અરજીની ચકાસણી કરવા માટે તથા જરૂર પડયે વધારાની માહિતી મંગાવવાનો પુરતો સમય મળી રહે તે માટે માન્ય કોન્ટ્રાકટરની નોંધણી માટેની અરજીઓ નિયમ-૫ તથા ૮ માં વર્ણવેલ દસ્તાવેજો, પુરાવાઓ સાથેની અરજીઓ વર્ષ દરમ્યાન ગમે તે સમયે સ્વીકારવામાં આવશે. પરંતુ આવેલ અરજીઓ અંગે છ મહિને એકવાર એટલે કે જુનના અંતે અને ડિસેમ્બરના અંતે વિચારણા કરવાની રહેશે. આ અંગે નિર્ણય લેવા કોષ્ટક-૧ ના કોલમ-૪ માં દર્શાવેલ સત્તાધિકારી કે સત્તામંડળ સક્ષમ ગણાશે.

<u>૧૦.૨ શિક્ષાના સમય દરમ્યાન અરજી વિચારણામાં લેવામાં આવશે નહી:-</u>

કાળી યાદીમાં નામ મુકાયું હોય કે અન્ય કોઇ શિક્ષાની મુદત ચાલુ હોય તે દરમ્યાન કોઇ વર્ગમાં કોન્ટ્રાકટરની નોંધણી કરવામાં આવશે નહી. આથી આ શિક્ષાના સમય દરમ્યાન કોન્ટ્રાકટરોએ અરજી કરવી નહી.

<u>૧૧. અન્યત્ર નોંધાયેલ કોન્ટ્રાકટરોની નોંધણી અંગે અરજીના સમય બાબત:-</u>

<u>૧૧.૧ અન્યત્ર નોંધાયેલ કોન્ટ્રકટરોની નોંધણી વર્ષમાં ગમે ત્યારે કરવા બાબત:-</u>

કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, લશ્કરી ઇજનેરી સેવા (એમઇએસ), રેલ્વે, અને ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજયમાં રજીસ્ટરમાં નોંધાયેલ કોન્ટ્રાકટને આ રીતે તેમની નોંધણી થઇ હોવાની સાબિતી રજૂ કર્યે કોર્પોરેશન તત્સમાન વર્ગોમાં નોંધણી માટે વિચારણામાં લેશે. આ કેસમાં તેઓ કોર્પોરેશનમાં જે વર્ગમાં નોંધણી કરાવવા માંગતા હોય તે વર્ગમાં તેઓ ઉપરોક્ત પૈકી જે તે સંસ્થામાં નોંધણી ધરાવે છે તેવું સબંધિત સત્તાધિકારી પાસેથી પ્રમાણપત્ર રજુ કરે તો વર્ષના કોઇ પણ સમયે નોંધણી કરી શકાશે. આવા કોન્ટ્રાકટરોએ નિયમ-૫ માં દર્શાવેલ જરૂરીયાતો સંતોષવાની રહેશે.

<u>૧૧.૨  અન્યત્ર નોંધાયેલ કોન્ટ્રકટરોની અરજી અંગે ધ્યાનમાં લેવાની બાબતો:-</u>

બીજા રાજયોમાં નોંધાયેલ કોન્ટ્રકટરોની નવેસર અ.મ્યુ.કો.માં નોંધણી કરવાના કિસ્સામાં બીજા રાજયોમાં તેમની નોંધણી અનુસાર તેમજ છેલ્લા ૩(ત્રણ) વર્ષ દરમ્યાન તેમણે હાથ ધરેલ રાજય સરકાર હેઠળના કરેલ કામોની કિંમતની રકમ અનુસાર વિચારણા કરી નોંધણી અંગે નિર્ણય લેવામાં આવશે.

<u>૧૨. બેરોજગાર ઇજનેરોની નોંધણી વર્ષમાં ગમે ત્યારે કરવા બાબત:-</u>

સ્નાતક  અને ડિપ્લોમાં ધરાવતા ઇજનેરોની અનુંક્રમે “સી” અને “ડી” વર્ગમાં નોંધણી, આવશ્યક રકમનું સોલવન્સી પ્રમાણપત્ર રજુ કર્યેથી વર્ષ દરમ્યાન કોઇ પણ સમયે કરવામાં આવશે. તેથી આ બાબતમાં અગાઉનો પ્રત્યક્ષ અનુભવ તથા અગાઉ હાથ ધરેલ કામોની યાદી અને યંત્ર સામગ્રીની યાદી રજુ કરવા જેવી જરૂરીયાતોનો આગ્રહ રાખવામાં આવશે નહી.

૧૩. ઔદ્યોગિક તાલિમ સંસ્થા પ્રમાણિત કારીગરોની વર્ષમાં ગમે ત્યારે નોંધણી કરવા બાબત.

સુથારીકામ, કડીયાકામ, પેઇન્ટીંગ અને મકાન બાંધકામની બીજી શાખાઓના વિદ્યાર્થીઓ તથા રાજયની વિવિધ ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ અથવા ગુજરાત સરકારે માન્ય કરેલી અન્ય સંસ્થાઓમાં જેમણે સફળતાપૂર્વક તાલીમ અભ્યાસક્રમો પુરા કર્યા હોય તેવા કારીગરોને (૧) જરૂરી રકમનું સોલવન્સી પ્રમાણપત્ર અને (૨) તાલીમ અભ્યાસક્રમ પાસ કર્યા અંગે ઔદ્યોગિક તાલિમ સંસ્થા કે ગુજરાત સરકાર માન્ય બીજી સંસ્થા (સંસ્થાઓ)ના પ્રમાણપત્ર પ્રમાણિત ખરી નકલ રજૂ કર્યેથીતથા (૩) નોંધણી ફીની ચુકવણી કર્યેથી “ ઇ૧” કે “ઇ૨”વર્ગમાં વર્ષ દરમ્યાન કોઇ પણ સમયે નોંધવામાં આવશે. તેમની બાબતમાં અગાઉનો પ્રત્યક્ષ અનુભવ તથા અગાઉ કરેલ કામોની યાદી અને યંત્ર સામગ્રીની યાદી રજુ કરવા જેવી જરૂરીયાતોનો આગ્રહ રાખવામાં આવશે નહી. પરંતુ રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી તાજી હોવા અંગેનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે.

# પ્રકરણ-3

## ૧૪ કક્ષા ઉંચી લાવવા માટેની કાર્યવાહીના નિયમો:-

કક્ષા ઉંચી લાવવા માટેની અરજીઓની વિચારણા કરવા માટે નીચેની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.

### ૧૪.૧ અપગ્રેડેશન માટેની અરજી:-

આ નિયમો હેઠળ માન્ય કોન્ટ્રાકટર તરીકે નોંધાયેલ કોન્ટ્રાકટરની કક્ષા ઉંચી લાવીને તેને ઉચ્ચ વર્ગમાં મુકવા સંબંધી નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. જે તેની પ્રારંભિક નોંધણીની અથવા કક્ષા ઉંચી લાવ્યાની તારીખથી નિયમ-૧૬ હેઠળ નિયત કરેલ મુદત પુરી થયા પછી જ વિચારણામાં લેવાશે. અરજીની સાથે નિયમ-૫ માં જણાવેલ તમામ દસ્તાવેજો તેમજ આ નિયમો હેઠળ માન્ય કોન્ટ્રાકટર તરીકેની પ્રારંભિક નોંધણી પછી આ અંગે કોન્ટ્રાકટરે મેળવેલ સિધ્ધિઓ અંગેના તમામ દસ્તાવેજો જોડવાના રહેશે. અરજીમાં આપેલ જુદી-જુદી વિગતો ચકાસી અરજદારની અગાઉની કામગીરીની ખરાઇ કરી આવી અરજીઓ અંગે નિર્ણય લેવામાં આવશે.

### ૧૪.૨ અપગ્રેડેશન માટે અરજી જોડે પુરી ફી ભરવા બાબત:-

જે વર્ગમાં કક્ષા ઉંચી લાવવા માટે અરજી કરી હોય તે માટે પુરેપુરી નિયત ફી કોન્ટ્રાકટર પાસેથી અગાઉથી લેવાની રહેશે અને તે ફી બીન રીફંડ પાત્ર રહેશે.

### ૧૪.૩  અપગ્રેડેશન વર્ગ અનુરૂપ તાંત્રિક લાયકાત ધરાવતા ઇજનેરો જરૂરી:-

કક્ષા ઉંચી લાવવા ઇચ્છતા કોન્ટ્રાકટર પાસે જે વર્ગમાં કક્ષા ઉંચી લઇ જવાની માંગણી કરી હોય તે વર્ગને અનુરૂપ હોય તેવા નિયમ-૫.૪.૧ માં નિયત કર્યા મુજબની તાંત્રિક લાયકાત ધરાવતા ઇજનેરો હોવા જોઇએ.

### ૧૪.૪ ઇન્કમટેક્ષ કલીયરન્સ પ્રમાણપત્ર રજૂ કરવા બાબત:-

કક્ષા ઉંચી લાવવાની અરજી સાથે અરજી જે વર્ષે મોકલી હોય તે વર્ષના પહેલાંના વર્ષ માટેનું ઇન્કમટેક્ષ અધિકારી પાસેથી મેળવેલ આવકવેરા ચુકતે પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

### ૧૪.૫ અપગ્રેડેશનની અરજીઓનો છ-છ મહિને વર્ષમાં બે વાર નિકાલ:-

એક વર્ગમાંથી બીજા વર્ગમાં કક્ષા ઉંચી લઇ જવા માટેની અરજીઓ પર વર્ષમાં માત્ર બે વાર વિચારણા કરવામાં આવશે એટલે કે મે ના અંત સુધીમાં મળેલી અરજીઓ જુલાઇ અંત સુધીમાં અને નવેમ્બરના અંત સુધીમાં મળેલી અરજીઓ જાન્યુઆરીમાં વિચારણામાં લેવામાં આવશે.

૧૫ અપગ્રેડેશન માન્ય કરવાના ધોરણો અને સત્તાધિકારીઓ:-

નીચલા વર્ગમાંથી ઉપલા વર્ગમાં મુકવાની બાબત, કોષ્ટક-૧ કોલમ-૪ માં નિર્દેશેલ સત્તા ધરાવતા અધિકારી નીચેની બાબતો લક્ષમાં રાખીને ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે.

(૧) હાથ પરના કામોની કિંમત

(૨) નવેસરથી નોંધણી મેળવવા માટે કોષ્ટક-૨ માં નિયત કર્યા પ્રમાણે વાર્ષિક સરેરાશ ટર્ન ઓવર તેમજ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામોની કિંમત.

(૩)નાણાંકીય મર્યાદાઓ જે નીચે મુજબ છે.

કોષ્ટક-૦૫

| ક્રમાંક | કક્ષા ઉંચી લાવવા માટેની વિગત | અરજી કરતી વખતે હાથ પરના કામોની ઓછામાં ઓછી કિંમત | છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામોની કિંમત | ન્યુનતમ વાર્ષિક સરેરાશ ટર્ન ઓવર |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ “ઇ-૨” માંથી “ઇ-૧” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૧૦ લાખ | રૂ. ૧૫ લાખ | રૂ. ૫ લાખ |
| ૨ | વર્ગ “ઇ-૧” માંથી “ડી” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૩૦ લાખ | રૂ. ૪૫ લાખ | રૂ. ૧૫ લાખ |
| ૩ | વર્ગ “ડી” માંથી “સી” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૬૦ લાખ | રૂ. ૯૦ લાખ | રૂ. ૩૦ લાખ |
| ૪ | વર્ગ “સી” માંથી “બી” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૨૦૦ લાખ | રૂ. ૩૦૦ લાખ | રૂ. ૧૦૦ લાખ |
| ૫ | વર્ગ “બી” માંથી “એ” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૬૦૦ લાખ | રૂ. ૯૦૦ લાખ | રૂ. ૩૦૦ લાખ |
| ૬ | વર્ગ “એ” માંથી “એએ” માં કક્ષા ઉંચી લાવવી | રૂ. ૧૦૦૦ લાખ | રૂ. ૧૫૦૦ લાખ | રૂ. ૫૦૦ લાખ |

નોંધ:- કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની કરવા માટેની મંજુરી આપવામાં આવે ત્યારે કોન્ટ્રાકટરે તેની ચાલુ નોંધણીના વર્ગની વધુમાં વધુ નાણાંકીય મર્યાદાના ૫૦ ટકા જેટલા “બે થી ત્રણ” કામો કર્યા હોવા જોઇએ.

૧૬. મૂળ નોંધણીની બે વર્ષની નિયત મુદત વિત્યા પછી જ અપગ્રેડેશન:-

કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની નોંધણી કરવા માટેની અરજી નીચે દર્શાવેલ મુદત(મુદતો) પુરી થયા પછી જ સ્વીકારવામાં આવશે.

કોષ્ટક-૦૬

| | |
|---|---|
| વર્ગ “એ” માંથી “એએ” માં કક્ષા ઉંચી લાવવી. | પ્રારંભિક નોંધણીની તારીખથી બે વર્ષની મુદત પુરી થયા પછી જ અરજી કરવાની રહેશે. |
| વર્ગ “બી” માંથી “એ” માં કક્ષા ઉંચી લાવવી. | |
| બાકીના વર્ગ (વર્ગો)માંથી ઉચ્ચ વર્ગ(વર્ગો) માં કક્ષા ઉંચી લાવવી. | પ્રારંભિક નોંધણીની તારીખથી એક વર્ષની મુદત પુરી થયા પછી જ અરજી કરવાની રહેશે. |

# પ્રકરણ-૪

<u>નોંધણી તાજી કરવા અંગે:-</u>

<u>૧૭ ત્રણ વર્ષ માટે નોંધણી તાજી કરાવવા રજુ કરવાના દસ્તાવેજો અને વિગતો તથા ફી નું ધોરણ:-</u>

શરૂઆતમાં કાઢી આપેલ એવુ પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય ગણાશે ત્યારબાદ નોંધણી તાજી કરાવવા અંગે નિયત ફોર્મમાં નિયત પુરાવાઓ સાથે અરજી કર્યેથી સક્ષમ સત્તાધિકારી દ્વારા જરૂરી ચકાચણી કરીને યોગ્ય જણાએ વધુ ત્રણ વર્ષ માટે નોંધણી તાજી કરી આપવામાં આવશે. પ્રમાણપત્ર નોંધણી તાજી કરાવવા અંગે નીચે પ્રમાણેની ફી ભરવાની રહેશે, જે બીન રીફંડ પાત્ર રહેશે.

કોષ્ટક-૦૭

| અ.નં | વર્ગ | ત્રણ વર્ષ માટેની નોંધણીતાજી કરાવવાની ફી |
|---|---|---|
| ૧ | "એએ" | રૂ.૮,૦૦૦/- |
| ૨ | "એ" | રૂ.૭,૫૦૦/- |
| ૩ | "બી" | રૂ.૭,૫૦૦/- |
| ૪ | "સી" | રૂ.૫,૦૦૦/- |
| ૫ | "ડી" | રૂ.૫,૦૦૦/- |
| ૬ | "ઇ-૧" | રૂ.૨,૫૦૦/- |
| ૭ | "ઇ-૨" | રૂ.૨,૫૦૦/- |

૧૭.૧ અનુસુચિત બેંકનું સોલવન્સી સંબંધિત નવું પ્રમાણપત્ર નિયમ-૫ માં આપેલ સુચના મુજબનું રજૂ કરવાનું રહેશે.
૧૭.૨ નોંધણી તાજી કરાવવા માટેની અરજીની તારીખથી તરત પહેલાની મુદત સાથે સુસંગત હોય તેટલી જરૂરી સંખ્યામાં તાંત્રિક લાયકાત ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખવા કે એવા ભાગીદારો હોવા અંગે નિયમ-૫ માં જણાવેલ તાજી વિગતો રજુ કરવાની રહેશે.

<u>૧૭.૩ ફોર્મ-૩ અને ૩-(એ)માંના નિયત પત્રકમાંની વિગતો:-</u>

૧૭.૪ જે વર્ષમાં નોંધણી તાજી કરાવવા અંગેની અરજી મોકલી આપી હોય તે વર્ષના તુરંત પહેલાના વર્ષ માટે ઇન્કમટેક્ષ અધિકારી પાસેથી મેળવેલ આવકવેરા ચુકતે પ્રમાણપત્ર.
૧૭.૫ પોતાના કબજામાંના ઓજારો, સાધનો. યંત્રસામગ્રીની વિગત તથા છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામો, સરેરાસ વાર્ષિક ટર્નઓવર અને હાથ પરના કામોની વિગત ૪.૧ પ્રમાણે રજુ કરવાની રહેશે.
૧૭.૬ પેઢી કે કંપનીના ભાગીદારોના ફેરફાર કે તેના બંધારણમાં થયેલ ફેરફારોની વિગત.

__૧૮. નોંધણી તાજી કરાવવાની અરજી રજુ કરવાની સમય મર્યાદા:-__

શરૂઆતમાં કરાવેલ નોંધણીની કે નોંધણી તાજી કરાવ્યાની મુદત પુરી થતાં પહેલા કોન્ટ્રાકટરે નોંધણી તાજી કરાવવા માટેની અરજી અને ઉપર નિયમમાં જણાવેલ સોલવન્સીનું નવુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. કોન્ટ્રાકટર સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી રજુ કરવામાં ત્રણ મહિનાથી વધુ ન હોય તેટલી મુદત સુધી મોડું કરે ત્યાં સુધી જે વર્ગ માટે નોંધણી તાજી કરાવવાની હોય તે વર્ગ માટે નિયત કરેલ પુરી ફી ભર્યેથી તે નોંધણી તાજી કરાશે. સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી કરવામાં ત્રણ મહિના કરતાં વધુ પરંતુ એક વર્ષ સુધીના સમય જેટલો વિલંબ થયો હોય તો જે વર્ગમાં નોંધણી તાજી કરાવવાની હોય તે વર્ગ માટે નિયત કરેલી ફી કરતાં બમણી ફી વસુલ કર્યા પછી જ તે નોંધણી તાજી કરાશે. આમ છતાં સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી કરવામાં આવશે. એક વર્ષ કરતાં વધુ વિલંબ થાય તો શરૂઆતમાં કરાવેલી નોંધણી રદ થશે અને કોન્ટ્રાકટરે નોંધણી કરાવવા માટે નવેસરથી અરજી કરવી પડશે.

__૧૯. અપગ્રેડેશનની અરજી નામંજૂર થાય તો ત્યાર બાદ રીન્યુઅલ ગમે  ત્યારે કરી આપવા અંગે:-__

નોંધણી તાજી કરાવવાની તારીખ પહેલા કોન્ટ્રાકટરે કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની કરવા માટે અરજી કરી હોય અને કક્ષા ઉંચી લાવવા માટેની તેમની અરજી વિચારણામાં લેવાઇ ન હોય અને તે કારણે તેઓ પોતાની નોંધણી સમયસર તાજી ન કરાવી શકયા હોય તો નોંધણી તાજી કરાવવા માટેની કોન્ટ્રાકટરની અરજી નિયત તારીખ પછી મળી હોય તો પણ વિચારણામાં લેવામાં આવશે અને તેટલા પ્રમાણમાં નોંધણી તાજી કરવાની તેમની તારીખ લંબાવીને જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવતાં તેમની નોંધણી તાજી કરી શકાશે.

__૨૦. જરૂરી  ઇજનેરી નોંધણી સમય દરમ્યાન રોકયાની ખાત્રી કરવવા બાબત;-__

એએ, એ, બી, સી, ડી, ઇ-૧, ઇ-૨ વર્ગમાં નોંધણી તાજી કરવાના સમયે ડીગ્રી અથવા ડીપ્લોમા ધરાવતા ઇજનેરોની નોકરી નોંધણી ચાલુ હોય તે મુદત દરમ્યાન સળંગ ચાલુ હોવા અંગે નોંધણી સત્તાધિકારીને કોન્ટ્રાકટર/પેઢીએ ખાતરી કરાવવાની રહેશે.

__૨૧. વર્ક ઓર્ડર વખતે તે કામની દેખરેખ રાખનાર ઇજનેર આઇડેન્ટીફાઇ કરવા અંગે:-__

જેમણે કામ/કામો પર દેખરેખ રાખવા માટે ડીગ્રી કે ડિપ્લોમા ધરાવતા કર્મચારી અથવા ડીગ્રી કે ડીપ્લોમા ધરાવતા ભાગીદાર તે સમય પુરતા રાખ્યા હોય તેવા કોન્ટ્રાકટરે સંબંધિત કામ (કામો) માટે ટેન્ડર(ટેન્ડરો) સ્વીકારવા માટે જામીનગીરી અનામતની રકમ ભરતી વખતે જરૂરી અનુભવ સહિત લાયકાત ધરાવતા ડીગ્રી કે ડિપ્લોમા ધરાવતા કર્મચારીઓ જે આ કામ સંભાળવાના હોય તેની વિગત આપવાની રહેશે.

૨૨. કાળી યાદીની શિક્ષા પુરી થયે નોંધણી તાજી કરવાની અરજી અંગે:-

જેમનું નામ કાળી યાદીમાં મુકાયું હોય તેવા કોન્ટ્રાકટરોની નોંધણી તેમના નામ કાળી યાદીમાં મુકવા જેવી બાબતો માટેની મુદત ચાલુ હોય તે દરમ્યાન તાજી કરવામાં આવશે નહી. પરંતુ જો આવા કોન્ટ્રાકટરનું નામ કાળી યાદીમાં મુકવાની મુદત પહેલા માન્ય યાદીમાં હોય તો કાળી યાદિમાં મુકવા અંગેની મુદત પુરી થયેથી વર્ષનાં કોઇ પણ સમયે નોંધણી તાજી કરી શકશે એટલે કે કાળી યાદીમાં મુકવાની શિક્ષાની મુદત પુરી થયા પછી નોંધણી તાજી કરવા માટેની અરજી વિચારણામાં લેવામાં આવશે.

૨૩.નોંધણી તાજી ન કરવા અંગે ધ્યાને લેવા પાત્ર કારણો:-

નોંધણીની મુદત પુરી થયા પછી નિયમ-૧૭ થી ૨૨ તેમજ નિયમ-૨૬ ને આધીન રહીને બીજી મુદત માટે ફોર્મ-૪ માં નોંધણી પ્રમાણપત્ર કાઢી આપીને બધા વર્ગના માન્ય કોન્ટ્રાકટરોની નોંધણી તાજી કરવામાં આવશે. નીચેના સંજોગોમાં અને નીચેના કારણસર નોંધણી તાજી કરવામાં આવશે નહી.

૨૩.૧ અરજદાર પાસેથી કોર્પોરેશનના લેણાં વસુલ કરવા પાત્ર હોય.

૨૩.૨ કોન્ટ્રાકટરે હલકા પ્રકારનો માલ સામાન વાપર્યો હોય અથવા તો બાંધકામ ઉતરતા ધોરણનું કર્યુ હોય અને તે માટે તેને જવાબદાર ગણવામાં આવ્યો હોય.

૨૩.૩ ભુતકાળમાં કોન્ટ્રાકટરે કોર્પોરેશનનું સરકારી કે અર્ધ સરકારી બાંધકામ અધુરૂં છોડયુ હોય.

૨૪. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અગાઉના ફોર્મમાં દર્શાવેલ લાગુ પડતા નિયમો યથાવત રહેશે.

# પ્રકરણ-૫

<u>૨૫.રજીસ્ટ્રેશન, રીન્યુઅલ, અપગ્રેડેશન, ડાઉનગ્રેડેશન, ડીસકવોલીફાઇડ અને બ્લેક લીસ્ટીંગ કરવા અંગેની સત્તા:-</u>

જે તે વર્ગમાં નોંધણી કરવાની / તાજી કરવાની / કક્ષા ઉંચી લાવવાની અરજી માન્ય રાખવી કે ના મંજુર કરવાની સત્તા નિયમ-૩-૧ હેઠળના કોષ્ટક-૧ ના કોલમ નં-૫ માં દર્શાવેલ સત્તાધિકારી(સત્તામંડળ)ને રહેશે. નોંધાયેલ કોન્ટ્રાકટરને ગેરલાયક (નોંધણી સસ્પેન્ડ) તેમજ કાળી યાદીમાં જાહેર કરવાની સત્તા સ્ટેંડીંગ કમિટી પાસે રહેશે.

ઉપરોકત નિયમ-૨૫ હેઠળના નોંધણી કરવાની / તાજી કરવાની / કક્ષા ઉંચી લાવવા અંગે લેવાયેલ નિર્ણયથી અસંતોષ હોય તો માન. મ્યુનિ. કમિશનરશ્રીને અપીલ કરી શકાશે.

# પ્રકરણ-૬

# ગેરલાયકાતો

**૨૬. ત્રણ વર્ષ સુધી એક પણ ટેન્ડર ન ભરનારને માન્ય યાદી માંથી દૂર કરવાની જોગવાઇ:-**

જે કોન્ટ્રાકટરોએ કોર્પોરેશન રાજય સરકારની વિવિધ વિભાગોની કોઇ ડીવીઝન કચેરીમાં/રાજય અને કેન્દ્ર સરકાર હેઠળના ઉપક્રમો નિગમો બોર્ડ વગેરેમાં ત્રણ વર્ષની મુદત સુધી કોઇપણ કામો માટે ટેન્ડર ભર્યા ન હોય તેમના નામ માન્ય કોન્ટ્રાકટરોના રજીસ્ટરમાંથી કાઢી નાંખવામાં આવશે.

**૨૭. ટેન્ડર ભર્યાની વિગત વર્ષાન્તે ફોર્મ-૩ રજુ કરવા બાબત:-**

આવી ચકાસણી સરળતાથી થઇ શકે તે માટે કોન્ટ્રાકટરોએ કોર્પોરેશનને નિયત ફોર્મ-૩ માં દરેક વર્ષના માર્ચ મહિનાના અંતે વાર્ષિક નિયત પત્રક મોકલવાના રહેશે.

**૨૮. માન્ય યાદીમાંથી નામ કાઢી નાંખવા કે નીચલા વર્ગમાં ઉતારવાની જોગવાઇ અને તે અંગે શોકોઝ નોટિસ આપવા બાબત:-**

કોન્ટ્રાકટરના કોઇ ખાસ પ્રકારની ચૂક કે કસરના અહેવાલ મળતાં જો કોર્પોરેશન સત્તાધિકારીને એમ જણાય કે કોન્ટ્રાકટરના નાણાંકીય સંજોગો કે ટેકનીકલ ક્ષમતા એટલા કથળ્યા છે તે તેનું નામ રજીસ્ટર માંથી કાઢી નાંખવા કે તેને નીચલા વર્ગમાં ઉતારી મુકવા વગેરે જેવી શિક્ષાઓ કરવી જરૂરી છે, તો તે કોન્ટ્રાકટરને તેની સામે વિચારવામાં આવેલ પગલાં શા માટે ન લેવા તે અંગે નિશ્ચિત સમયમાં કારણો દર્શાવવા માટે જણાવી તેમ કરી શકે છે. કોન્ટ્રાકટરનું નામ માન્ય યાદીમાંથી કાઢી નાંખવામાં આવે કે તેને નીચલા વર્ગમાં ઉતારી મુકવામાં આવે ત્યારે તે નોંધણી ફીનું કોઇ રીફંડ મેળવવા હક્કદાર રહેશે નહી.

**૨૯. નોંધણી અમાન્ય કરાયા બાદ અમાન્યતાનું કારણ દૂર થયે નવેસરથી અરજી કરવા બાબત:-**

જો કોન્ટ્રાકટરનું નામ આ રીતે કાઢી નાંખવામાં આવ્યુ હોય તે અમાન્યતાનું કારણ દૂર થાય ત્યાર પછીથી કોન્ટ્રાકટર નોંધણી લેવા ઇચ્છતા હોય તો તેમણે નિયત ફીની ચુકવણી કરીને ફરી નામ નોંધણી કરવા અરજી કરવી. આવી અરજીની તેની ગુણવત્તાના આધારે વિચારણા કરવામાં આવશે.

# પ્રકરણ-૭

## <u>૩૦. નોંધાયેલ કોન્ટ્રાકટરોને કાળી યાદીમાં મુકવાના સંજોગો:-</u>

જે કોન્ટ્રાકટરો અથવા તેમના નોકરો/પ્રતિનિધિઓ નીચે પ્રકારની ગેરરીતીમાં સંડોવાયા હોવાનો પ્રથમ દર્શનીય પુરાવો મળે તેઓને કોર્પોરેશન તાત્કાલીક કાળી યાદીમાં મુકશે. અને તેમ કરતાં પહેલા કોન્ટ્રાકટરને તેમ કરવાના કારણો જણાવવામાં આવશે નહી કે કારણદર્શક નોટિસ આપવાની રહેશે નહી.

૩૦.૧ કોર્પોરેશનના કોઇ પદાધિકારીને લાંચ રૂશ્વત આપવાનું કૃત્ય કે આપવાના પ્રયાસનું કૃત્ય

૩૦.૨ કોર્પોરેશનના કોઇ પદાધિકારીને તેની ફરજ બજાવતો અટકાવવા બળપૂર્વક પ્રયાસ કે શારીરીક ઇજા પહોંચાડવાની ધમકી આપવાનું કૃત્ય

૩૦.૩ કોર્પોરેશનને માંગેલ ટેન્ડરના ભાવો ઉંચા ભરવા રીંગ કરવી કે તેવું કૃત્ય

૩૦.૪ ટેન્ડર ભરવામાં ગોલમાલ છેકછાક કે સુધારા કરવા ટેન્ડર કે તે જોડેનું ભાવપત્રક બોલવુ કે તેમ કરવા પ્રયાસ કરવો.

૩૦.૫ કોર્પોરેશનને ચોક્કસ કામમાં વાપરવા આપેલ માલસામાન/સાધનો/ઓજારોનો દૂરઉપયોગ કરવો કે વેચી નાંખવા.

૩૦.૬ જે માલસામાન પર કોર્પોરેશનને એડવાન્સ આપી હોય તેવો માલ સામાન એડવાન્સની રકમ પરત કર્યા પહેલા કામની સાઇટ ઉપરથી ઉઠાવી જવો.

૩૦.૭ વ્યાજબી કારણ વગર કામ અધુરૂં છોડી દેવું

૩૦.૮ વ્યાજબી કારણ વગર કોર્પોરેશનની લહેણી રકમ ત્રણ મહિનાથી વધુ સમય ન ચુકવવી.

૩૦.૯ કોન્ટ્રાકટરને સોંપેલ કામમાં સલામતીની બાબતોના ભોગે/અનિયમિતા આચરી/જાનહાની થાય તેવા પ્રકારનું હલકું કામ કરવું.

૩૦.૧૦ કામની ગુણવત્તા અસંતોષકારક હોવી.

૩૦.૧૧ માન્ય કારણો વગર કામ સમયમર્યાદામાં પૂર્ણ ન કરવું.

# પ્રકરણ-૮

## રજીસ્ટ્રેશન ત્રણ વર્ષ માટે નીરઉપયોગી ઠરાવવાના સંજોગો:-

રજીસ્ટ્રેશન મેળવ્યા બાદ જે કોન્ટ્રાકટરોનું રજીસ્ટ્રેશન, ઓફર અથવા ટેન્ડર મ્યુનિસિપલ કોર્પોરેશનની યોગ્ય સત્તા ધ્વારા મંજુર થયેલ હોય, તે કોન્ટ્રાકટરો અથવા ઇજારેદારને કામ કોર્પોરેશનની માન્ય સત્તા ધ્વારા લેખીત જાવક ઇસ્યુ થયેથી વધુમાં વધુ દિન-૧૫ માં સિકયોરીટી ડીપોઝીટ ભરી કોન્ટ્રાકટ પેપર ઉપર એગ્રીમેન્ટ કરાવી લેવો.

(એ) જો તે કરવામાં કસુર થશે તો અર્નેસ્ટમની/બાનાની રકમ કાનુની અન્વયે જપ્ત કરવામાં આવશે. તેમનું કવોટેશન/ટેન્ડર યોગ્ય સત્તાની મંજુરી મેળવી રદ બાતલ કરવામાં આવશે અને આ ઉપરાંત મુકરર સમયથી રજીસ્ટ્રેશન ત્રણ વર્ષ માટે નીર ઉપયોગી રહેશે.

(બી) જે કોન્ટ્રાકટરો/ઇજારેદારો રાજય સરકારમાં કે અન્ય રજીસ્ટર થયેલા હોય તેને પણ ઉપરોકત કલોઝ (એ) લાગુ પડશે.

(સી) જે કોન્ટ્રાકટરો/ઇજારેદારો ઉપરોકત ઘટના થયેથી પાછળથી રાજય સરકારમાં કે અન્યત્ર રજીસ્ટ્રેશન મેળવે તો તેને પણ ઉપરોકત કલોઝ લાગુ પડશે અને તેને પણ ભવિષ્યમાં કામ સોંપવામાં આવશે નહી.

નોંધ:- અ.મ્યુ.કો. જનરલ બોર્ડ ઠરાવ નં.૧૮૩૬ તા.૨૫/૧૧/૨૦૧૧ મુજબના નવા રજીસ્ટ્રેશન, રીન્યુઅલ તથા પ્રમોશન અંગે ચેકલીસ્ટ મુજબના તમામ પુરાવા રજૂ કર્યેથી ફી ના નાણાં સ્વીકારવામાં આવશે.